# પંચમહાલ જિ. પંચાયત પરિસરમાં ફેન્સી નંબર પ્લેટવાળી ગાડીની ‘સરપંચગીરી’

(પ્રતિનિધિ) ગોધરા, તા.16

પંચમહાલ જિલ્લા પંચાયત કચેરીના પરિસરમાં જ આરટીઓના નિયમોનો સરેઆમ ભંગ થતો નજરે પડતાં અનેક સવાલો ઊભા થયા છે. ગોધરા ખાતે જિલ્લા પંચાયતના બીઆરજી ભવન પાછળ આવેલી સરકારી ઓફિસના પરિસરમાં એક કાળા રંગની સ્કોર્પિયો ગાડી ફેન્સી નંબર પ્લેટ અને આગળ ‘સરપંચ’ લખેલી નેમ પ્લેટ સાથે ઉભેલી જોવા મળી હતી.



મોટર વ્હીકલ એક્ટ અને આરટીઓના નિયમો અનુસાર વાહનો પર માત્ર નિયત ફોર્મેટ મુજબની નંબર પ્લેટ જ માન્ય છે તેમજ હોદ્દો દર્શાવતી નેમ પ્લેટ લગાવવા પર સ્પષ્ટ પ્રતિબંધ છે. તેમ છતાં આ ગાડી પર ફેન્સી નંબર પ્લેટ અને સરપંચ લખેલું બોર્ડ ખુલ્લેઆમ દેખાતા લોકોમાં ચર્ચાનો દોર શરૂ થયો છે.

સરકારી કચેરીના પરિસરમાં જ આ પ્રકારની ગાડી બિન્દાસ ઊભી રહેતી હોવા પાછળ કોઈ કાર્યવાહી ન થવાથી સ્થાનિક લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. લોકો પ્રશ્ન કરી રહ્યા છે કે સામાન્ય નાગરિક દ્વારા નાનકડો નિયમભંગ થાય તો તરત દંડ ફટકારવામાં આવે છે, તો પછી આ ગાડી સામે કેમ કોઈ પગલાં લેવાતા નથી? શું ‘સરપંચ’ લખી દેતાં જ કાયદામાંથી મુક્તિ મળી જાય છે? ફેન્સી નંબર પ્લેટ અને બિનઅધિકૃત બોર્ડવાળા વાહનો કાયદાની દૃષ્ટિએ ગંભીર ચિંતાનો વિષય છે. આવી ગાડીઓ કોઈ ગુનાહિત કે અસામાજિક પ્રવૃત્તિમાં સંડોવાય તો તેની ઓળખ કરવી મુશ્કેલ બની શકે છે, જેના કારણે તપાસમાં અડચણ ઊભી થાય છે. લોકોમાં સવાલ ઉઠી રહ્યા છે કે આ ગાડી કોની માલિકીની છે? ‘સરપંચ’ બોર્ડ લગાવનાર વ્યક્તિ ખરેખર કયા ગામનો સરપંચ છે કે પછી આ માત્ર દાદાગીરી દર્શાવવાનો પ્રયાસ છે? જો કોઈ અનિચ્છનીય ઘટના બને તો તેની જવાબદારી કોના માથે જશે?

આ ઘટના જિલ્લા પંચાયત કચેરીના પરિસરમાં બનતાં સરકારી તંત્રની બેવડી નીતિ સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. એક તરફ કાયદાના કડક અમલની વાતો થાય છે અને બીજી તરફ સરકારી બાબુઓની આંખ નીચે જ નિયમોનો ખુલ્લેઆમ ભંગ થતો રહે છે.

આ મામલે આરટીઓ વિભાગ તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક તપાસ કરી ગાડીના માલિક સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવે અને દંડ ફટકારવામાં આવે તેવી લોકમાગણી તેજ બની છે. દોષિતો સામે કડક પગલાં લેવાય તે હવે સમયની માંગ બની છે.

# કાલોલના બોડીદ્રા ગામે 30 દિવસથી પીવાનું પાણી બંધ

**પાઈપલાઈન** કામમાં ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો સાથે ગ્રામજનોનું TDOને આવેદનપત્ર

(પ્રતિનિધિ) કાલોલ, તા.16

કાલોલ તાલુકાના બોડીદ્રા ગામમાં છેલ્લા 30 દિવસથી પીવાનું પાણી બંધ રહેતા ગ્રામજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. પીવાના પાણીની સમસ્યા અંગે અનેક વખત રજૂઆત છતાં કોઈ ઉકેલ ન આવતા અંતે ગ્રામજનોએ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

બોડીદ્રા ગ્રામ પંચાયતમા લાંબા સમયથી ભ્રષ્ટાચાર ચાલતો હોવાના આક્ષેપો ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યા છે. ડેરીવાળા ફળીયામાં પાઈપલાઈનનું કામ સ્થળ પર કર્યા વિના જ ગ્રામ પંચાયત દ્વારા ઠરાવ પસાર કરી સરકારી નાણાં ખોટા બીલ બનાવી ઉપાડી લેવાયા હોવાનો ગંભીર આરોપ છે. તારીખ 19/09/2025ના રોજ



ગ્રામ પંચાયતની ઓનલાઈન વેબસાઈટ પર રૂ. 47,870/- અને રૂ. 1,11,573/- એમ કુલ રૂ. 1.59 લાખના બિલ દર્શાવવામાં આવ્યા છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ આ બિલ સંપૂર્ણપણે ખોટા છે અને સ્થળ પર કોઈ પાઈપલાઈનનું કામ કરવામાં આવ્યું નથી. ડેરીવાળા ફળીયામાં છેલ્લા એક મહીનાથી પાણી બંધ છે અને છેલ્લા 30 વર્ષમાં કોઈ પાઈપલાઈન બદલવામાં આવી નથી.

ડેરીવાળા ફળીયામાં અંદાજે 40 જેટલા મકાનો આવેલ છે, જ્યાં રોજિંદા વપરાશ તેમજ પીવા માટેનું પાણી સંપૂર્ણ રીતે બંધ હાલતમાં છે. મહિલાઓ અને બાળકોને ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે.

# કાલોલમાં અઝીમી ફ્રેન્ડ સર્કલ દ્વારા ઉર્સની ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ) કાલોલ, તા.16

કાલોલ નગરમાં હઝરત સૈયદના સિદ્દીકે અકબરના ઉર્ષની ઉજવણી હર્ષોલ્લાસ પૂર્વક કરવામાં આવી હતી. જેમાં અઝીમી ફ્રેન્ડ સર્કલ દ્વારા મોડી રાત્રે એ જુલુસ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાલોલના તમામ આલીમો અને મદ્રસાના નાના ભૂલકાઓ સાથે ગામના આગેવાનો જોડાયા હતા. ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મોહમદ પેગંબર સાહેબના પહેલા ખલીફા સિદ્દીકે અકબર હતા. તેઓની યાદમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉજવણી કરવામાં આવી હતી. જુલુસ નુરાની ચોકથી પ્રસ્થાન કરી વિવિધ મુસ્લિમ વિસ્તારમાં ફરી પરત નૂરાની ચોક ખાતે આવી પહોંચ્યું હતું. બાદ સૈયદ અમીરુલ મોમીનીન હઝરત સૈયદના સીદકે અકબર ની શાનમાં મનકબત સલાતો સલામ અને દુવા માંગવામાં આવી હતી. બાદ નીયાજ તકસીમ કરવામાં આવી હતી.

# ગોધરા તાલુકાના ખેડૂતોને યોગ્ય વળતર નહીં ચૂકવાતા ઉગ્ર રોષ

**ગોધરા** તાલુકાના સરપંચો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર અપાયું

(પ્રતિનિધિ) ગોધરા, તા.16

ગોધરા તાલુકાના ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખેડૂતોનું કહેવું છે કે સરકારી જાહેરાત મુજબ પૂરતું અને યોગ્ય વળતર ચૂકવવામાં આવ્યું નથી જેના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ વધુ કથળી છે.

આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને ગોધરા તાલુકાના સરપંચો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરીને રજૂઆત કરવામાં



આવી હતી. આવેદનપત્રમાં સરપંચોએ જણાવ્યું હતું કે, પાક નિષ્ફળતાના કારણે ખેતી ખર્ચ, બિયારણ, ખાતર અને મજૂરીનો ખર્ચ ચૂકવવો ખેડૂતો માટે મુશ્કેલ બની ગયો છે. આવી સ્થિતિમાં ઓછું વળતર મળવાથી ખેડૂતો પર દેવાનો બોજ વધવાની ભીતિ સેવાઈ રહી છે.

સરપંચોએ માગણી કરી હતી કે, ખેડા જિલ્લા અને સાવલી તાલુકાની જેમ જ સરકારની જાહેરાત મુજબના સમાન ધોરણે ગોધરા તાલુકાના તમામ અસરગ્રસ્ત ખેડૂતોને પૂરતું વળતર ચૂકવવું જોઈએ. તેમણે જિલ્લા પ્રશાસનને વિનંતી કરી છે કે ગોધરા તાલુકામાં ચૂકવાયેલ વળતર અંગે ફરીથી તાત્કાલિક ધોરણે તપાસ કરવામાં આવે. આ સાથે જ સરપંચોએ માંગ કરી છે કે, સરકારે નક્કી કરેલા ધોરણ મુજબ ખેડૂતોને યોગ્ય અને પૂરતી સહાય ચૂકવવામાં આવે, જેથી ખેડૂતોને ન્યાય મળી શકે અને તેમની મુશ્કેલીઓ દૂર થાય. આ રજૂઆત દ્વારા સરપંચોએ ખેડૂતોને વહેલી તકે આર્થિક સહાય મળે તે માટે પગલાં લેવાની માંગ કરી છે.

# મોટી કાનોડમાં અદાવતમાં યુવક પર ધારીયાથી હુમલો

નદીના પટમાંથી રેતી ભરવાની અદાવતમાં હુમલો કર્યો

(પ્રતિનિધિ) કલોલ તા.16

કાલોલ તાલુકાના મોટી કાનોડ ગામે મેસરી નદીમાંથી રેતી ભરવાના વિવાદને લઈ ઉગ્ર ઝઘડો થયો હતો. આ ઝઘડામાં એક વ્યક્તિ પર ધારીયા વડે હુમલો કરવામાં આવતા ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

ગોધરા તાલુકાના વેરૈયા ગામના અજયકુમાર રમેશભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદ મુજબ, મોટી કાનોડ ગામે રહેતા કમલેશકુમાર પ્રવિણસિંહ ચૌહાણે ફરીયાદીના ભાઈ કમલેશભાઈ રમેશભાઈ પરમારને “અમારી બાજુમાંથી મેસરી નદીમાંથી રેતી ભરવી નહીં” કહી મા-બહેન સમાણી ગાળો આપી હતી. બાદમાં ગડદાપાટુનો માર માર્યો હતો અને હાથમાં ધારેલા ધારીયાથી જમણા પગે ઢીંચણની નીચે હુમલો કરતા ચામડી કપાઈ લોહી વહેવા લાગ્યું હતું.

આ ઘટનામાં આરોપીએ ફરીયાદીની માતા ચંદ્રીકાબેનના જમણા હાથનો અંગુઠો મચકોડી ઈજા પહોંચાડી હતી. સાથે જ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો પણ આરોપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

ઘટનાની ગંભીરતા ધ્યાનમાં લઈ કાલોલ પોલીસે આરોપી કમલેશકુમાર પ્રવિણસિંહ ચૌહાણ વિરુદ્ધ પોલીસ મથકે ગુનો નોંધ્યો છે અને સમગ્ર મામલે કાર્યવાહી શરૂ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## શહેરાની એસ.જે.દવે હાઈસ્કૂલમાં બાળલગ્ન અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં સરકારી અધિકારીઓ દ્વારા બાળલગ્નની કુપ્રથાને નાથવા માટે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.જે અંતર્ગત શહેરાની એસ. જે. દવે હાઈસ્કૂલમાં બાળકો અને શિક્ષકોની હાજરીમાં જિલ્લા બાળ સુરક્ષા કચેરી તેમજ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા ખાસ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા બાળ સુરક્ષા એકમના સુરક્ષા અધિકારી રાજેશભાઈ પગી દ્વારા બાળકોને બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ 2006 અંતર્ગત વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી, જેમાં જણાવાયું કે બાળ લગ્નથી થતું નુકસાન ગંભીર છે અને આવા લગ્નો કરાવનાર તેમજ તેને પ્રોત્સાહન આપનાર તમામ વ્યક્તિઓને બે વર્ષની સજા અને એક લાખ રૂપિયાના દંડની જોગવાઈ કરવામાં આવી છે. પગીએ બાળકોને પોક્સો એક્ટ અને બાળ અધિકારો વિશે પણ બાળ રમતોના માધ્યમથી સરળ સમજણ પૂરી પાડી હતી.

# પાંચવાડા ખાતે માતા-બાળ-કિશોર આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) ગરબાડા, તા.16

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાંચવાડા, બ્લોક-ગરબાડા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સહયોગથી યુનાઈટેડ વે ઓફ ઈન્ડિયા ટીમ દ્વારા માતા-બાળ આરોગ્ય, કિશોર-કિશોરી આરોગ્ય તથા પરિવાર જાગૃતિ વિષયક વ્યાપક આરોગ્ય શિક્ષણ અને જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગર્ભવતી માતા માટે નિયમિત આરોગ્ય તપાસ, પોષણયુક્ત આહાર, આયર્ન-ફોલિક એસિડ ગોળીઓનું મહત્વ તથા ટિટેનસ રસીકરણ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ પ્રસૂતિ બાદ માતા અને બાળકની સંભાળ (PNC), સમયસર સ્તનપાન, બાળકનું રસીકરણ અને ખતરની નિશાનીઓ અંગે માર્ગદર્શન



આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાસ-વહુ વચ્ચે સહકાર અને સંવેદનશીલતા અંગે મહત્વપૂર્ણ સમજ આપવામાં આવી હતી, જેમાં ગર્ભાવસ્થા તથા પ્રસૂતિ બાદ માતાને પરિવાર તરફથી માનસિક અને શારીરિક સહારો આપવાની જરૂરિયાત પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં કિશોર-કિશોરીઓ માટે સ્વચ્છતા, પોષણ, માનસિક સ્વાસ્થ્ય, નશામુક્તિ તથા પ્રજનન આરોગ્ય અંગે જાગૃતિ આપવામાં આવી હતી. સાથે સાથે સરકારી આરોગ્ય સેવાઓ અને ક્લિનિક વિશે માહિતી આપી હતી.

## કાલોલ તાલુકાની કરાના મુવાડા પ્રા. શાળા માં NRI દ્વારા બાળકોને સંપૂર્ણ યુનિફોર્મ અને સ્વેટર આપવામાં આવ્યા



કાલોલ તાલુકાની કરાના મુવાડા પ્રા શાળામાં અમેરિકા નિવાસી કૃણાલભાઈ પટેલ દ્વારા બાળકોને સ્વેટરને કેનેડા નિવાસી આદરણીય સુમતભાઈ જૈન દ્વારા યુનિફોર્મ આપવામાં આવ્યો હતો. આ અગાઉ બન્ને દાતાઓ દ્વારા તમામ બાળકોને યુનિફોર્મ અને બુટ મોજાં પણ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળા ના આચાર્ય રમેશકુમાર પટેલ, નયનાબેન પટેલ, એસ.એમ.સી અધ્યક્ષ જયેદ્રભાઈ, શિક્ષણવિદ શૈલેષભાઈ, ભરતભાઇ અને મોટી સંખ્યામાં માતાઓ હાજર રહીને તેઓના હસ્તે બાળકોને સ્વેટર એનાયત કર્યા હતા.બાળકોને સંપૂર્ણ યુનિફોર્મ અને સ્વેટર મળતાં બાળકો માં ખૂબ આનંદ ની લાગણી છવાઈ ગઈ હતી. ત્યારબાદ શાળાના આચાર્યશ્રી એ અમેરિકા અને કેનેડા સ્થિત દાતાને ટેલીફોનિક આભાર વ્યક્ત કર્યો હતો.અને અને વાલી મીટીંગ પણ કરવામાં આવી હતી. બાળકો ના શિક્ષણ,સ્વચ્છતા, શાળાની અને બાળકોની પ્રગતિની ચર્ચા કરવામાં આવી હતી.

**સી.સી.ટી.વી ફૂટેજ સામે આવ્યું, પોલીસ તપાસમાં વ્યસ્ત**

# ઝાલોદ નગરના મુવાડા વિસ્તારમાં રાત્રી દરમિયાન બાઈક ચોરીની ઘટના

**મુવાડા** મુકામે ઘર આગળ પાર્ક કરેલી બાઇક અજાણ્યા ઈસમ દ્વારા ચોરાઈ

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.16

ઝાલોદ નગરના મુવાડા વિસ્તારમાં રાત્રી દરમ્યાન બાઈક ચોરીની ઘટના સામે આવતા વિસ્તારમાં ચિંતા વ્યાપી ગઈ છે. શિવમ પેટ્રોલ પંપ નજીક રહેતા પ્રવીણભાઈ દેવસીંગભાઈ સરાણીયાની ઘર આગળ પાર્ક કરેલી બાઈક અજાણ્યા ઈસમ દ્વારા ચોરી લેવામાં આવી હતી.



પ્રાપ્ત માહિતી મુજબ, પ્રવીણભાઈ સરાણિયાએ પોતાની બાઈક નંબર GJ-20-BH-4237 રાત્રી સમયે ઘર આગળ લોક મારી તેમજ કવર ચઢાવી પાર્ક કરી હતી. છતાં પણ રાત્રી દરમ્યાન અજાણ્યો ચોર બાઈક લઈ ફરાર થયો હતો. વહેલી સવારે ઉઠી જોતા બાઈક નજરે ન પડતા તેમણે આસપાસ વિસ્તારમાં શોધખોળ કરી હતી, પરંતુ બાઈક ન મળતાં અંતે ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે બાઈક ચોરી અંગે લેખિત અરજી નોંધાવી હતી.

બાઈક ચોરી કરતી વખતે એક અજાણ્યો ઈસમ બાઈક લઈ જતા હોય તેવા દ્રશ્યો નજીકના સી.સી.ટી.વી કેમેરામાં કેદ થયા હોવાનું જાણવા મળ્યું છે. આ ફૂટેજ હાલ નગરમાં ચર્ચાનો વિષય બન્યું છે, જેને લઈ સ્થાનિકોમાં ભય અને ચિંતા ફેલાઈ છે.

ઝાલોદ પોલીસ દ્વારા મળેલી અરજીના આધારે વિસ્તારમાં લાગેલા અન્ય સી.સી.ટી.વી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે. બાઈક ચોરી કરનાર ઈસમની ઓળખ કરી તેને ઝડપી પાડવા પોલીસ દ્વારા તપાસનો દોર તેજ કરવામાં આવ્યો છે.

# ગોધરાની કોલેજમાં સેમિનારનો પ્રારંભ

(પ્રતિનિધિ) ગોધરા, તા.16

શેઠ પી. ટી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરા ખાતે ગુજરાત નોલેજ કન્સોટિયમ (KCG) અને ગુજકોસ્ટના સહયોગથી મલ્ટી ડિસિપ્લિનરી સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ઈન ઈન્ડિયા વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય સેમિનાર શરૂ થયો છે. જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. વી. ટી. ચોવટીયાના વરદ હસ્તે આ સેમિનારનું ઉદઘાટન કરાયું હતું. જેમાં ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરિભાઈ કાતરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ રેણુકાબેન ડાયરા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત અને ગુજરાત બહારના 200 થી વધુ શોધાર્થીઓએ ભાગ લીધો હતો. કુલપતિ ડૉ. ચોવટીયાએ સંશોધનને વર્તમાન સમસ્યાઓ સાથે જોડવા પર ભાર મૂક્યો હતો.

# છોટાઉદેપુરના હત્યા કેસમાં આરોપીને આજીવન કેદ

**છ વર્ષ પહેલા** ક્રિકેટ રમતા સમયે થયેલી માથાકુટમાં બેટ મારી હત્યા કરી હતી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.16

ક્રિકેટ રમતા નજીવી બાબતે બોલાચાલી થતાં લાકડાનું બેટ મારતા છોટાઉદેપુર ના યુવાન રણજીત ચીમનભાઈ તડવી નું મોત નિપજાવનાર તેમનાજ ફળિયામાં રહેતા અલ્પેશ તડવી છોટાઉદેપુર કોર્ટ દ્વારા આજીવન સખત કારાવાસની સજા કરવામાં આવી હતી.

તા.10 માર્ચ 2019 ના રોજ છોટાઉદેપુરના કડિયા ફળિયામાં રહેતા યુવક રણજીત ચીમનભાઈ તડવી સહિત યુવાનો શેરીમાં જ ક્રિકેટ રમી રહ્યા હતા. તે સમયે નજીવી બાબતે બોલાચાલી થતાં કડિયા ફળિયામાં જ રહેતા આરોપી અલ્પેશ તડવી એ ઉશ્કેરાઈ જઈ લાકડાના બેટ વડે રણજીત તડવીને માથામાં લાકડાં ના બેટ વડે મારી દેતા રણજીત તડવીને તાત્કાલિક જનરલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો અને વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. પરંતુ ત્રણ દિવસ ની સારવાર બાદ રણજીત તડવીનું મોત નિપજ્યું હતું.

આ અંગે મૃતકની માતાએ ફરિયાદ કરતા જે કેસ છોટાઉદેપુર જિલ્લા મે. પ્રિન્સીપલ ડિસ્ટ્રિક્ટ અને સેશન જજ સાહેબની નામદાર કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ સોનલબેન દેસાઈએ ધારદાર રજૂઆત કરતા નામદાર કોર્ટ દ્વારા આરોપી અલ્પેશ અર્જુનભાઈ તડવીને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ 235(2) મુજબ તકસીરવાર ઠરાવી આજીવન સખત કેદની સજા ભોગવવાનો અને રૂ.10000 દંડ ભરવાનો અને જો દંડના ભરે તો વધુ 6 માસની સજા ભોગવવાનો હુકમ કર્યો હતો સાથે જ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ 357 (એ) અન્વયે મરનારની માતાને રૂપિયા ૪ લાખ ચૂકવવાની ભલામણ સાથે આ ચુકાદાની નકલ જિલ્લા લીગલ સર્વિસ ઓથોરિટીને મોકલી હતી.

આ ઘટના જે તે સમયે છોટાઉદેપુરમાં ભારે ચકચાર મચાવી હતી.